R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

વેબ સાઇટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-25 • ISSUE: 22 DATE: 28-05-2016• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## રિઝર્વબેન્કના ગર્વનર રઘુરામ રાજનના મુદ્દે બળાપો કાઢતા સુબ્રમણ્ય સ્વામી સામે ચિદમ્બરમો આકરો પ્રહાર

ભારતીય જનતા પાર્ટીના હાલમાં રાજ્યસભામાં વરાયેલા નવા ભારતીય જનતા પાર્ટીના સભ્ય સુબ્રમણ્ય સ્વામી છેલ્લા કેટલાક સમયથી રિઝર્વ બેકના ગર્વનર રઘુરામ રાજન સામે બેફામ વાણી પ્રહારો કરી રહ્યા છે અને આ અંગે તેઓ વડાપ્રધાનને પત્ર લખી રહ્યા છે તેવા અહેવાલો અખબારોમાં અવારનવાર પ્રગટ થયા કરે છે.સુબ્રમણ્યમ સ્વામીના આ પ્રહાર અને રાજનને કાઢી મુકવાની ઈગ્ર માંગણીના સંદર્ભમાં કોગ્રેસના માજી નાણાં મંત્રી ચિદમ્બરમે ઝંપલાવ્યું છે. તેમણે કહ્યુ હતું કે શું મોદી સરકાર રાજનને લાયક છે કે નહી.

રાજનનો આરબીઆઈના ગર્વનર તરીકે બીજી ટર્મ આપવી જોઈએ કે નહીં તેવા સવાલના જવાબમાં ચિદમ્બરમે રાજનની ભારોભાર પ્રશંસા કરતાં કહ્યુ હતું કે રાજન વિશ્વમાં સૌથી અસાધારણ અર્થશાસ્ત્રીઓ પૈકી એક છે.મને તો વિચાર થાય છે કે શું આ સરકાર ડો.રાજનને લાયક છે કે કેમ.

ચિદમ્બરમે સૌપ્રથમ તો સ્વામી રાજન પર પ્રહાર અંગેના પ્ર્શ્નો ટાળ્યા હતા અને કહ્યુ હતું કે વડાપ્રધાન મોદી કે નાણાંમંત્રી આ બાબતે બોલે તે જરુરી છે.તો તેઓ તેની પ્રતિક્રિયા આપશે.જો કે બાદમાં તેમણે કહ્યુ હતું કે યુપીએ સરકારે વિશ્વના સૌથી અસાધારણ અર્થશાસ્ત્રીઓ પૈકી એક રાજનને નિયુક્ત કર્યા હતા.અમને તે સમયે પણ તેમના પર સંપુર્ણ વિશ્વાસ હતો.અને આજે પણ છે.રાજને વ્યાજના દર સતત ઉંચા રાખ્યા તે અંગે નાણાં મંત્રીને કોઈ પણ વાંધો છે કે કેમ તેવા સવાલના જવાબમાં ચિદમ્બરમે કહ્યુ કે યુપીએ સરકાર આરબીઆઈના તમામ ગર્વનર સાથે સૌથી સારા સબંધ ધરાવતી હતી.સમગ્ર વિશ્વમાં નાણામંત્રી અને સેન્ટ્રલ બેંકના ગર્વનર વચ્ચે ચર્ચા થતી રહે છે.નાણામંત્રી ગર્વનરની ક્ષમતા પર સવાલ ઉઠાવી રહ્યા છે તેવો તેનો અર્થ નથી.

ઉલ્લેખનીય છે કે સુબ્રમણયમ સ્વામીએ રાજન પર ઉગ્ર પ્રહાર કર્યા છે.અને ૧૫ દિવસમાં વડાપ્રધાનને બે વાર પત્ર લખીનો રાજનનો આરબીઆઈના ગર્વનારપદેથી તાત્કાલિક હાંકી કાઢવની માંગણી કરી છે.તેમના મતે ભારત માટે રાજન બરાબર નથી.

## કોગ્રેસે ચિદમ્બરમ, કપિલ સિબ્બલ અને જયરામ રમેશને રાજસભામાં નોમીની બનાવ્યા

કોગ્રેસે મહારાષ્ટ્રમાંથી પુર્વ નાણાં મંત્રી ચિદમ્બરમ,કપિલ સિબ્બલ ને ઉત્તર પ્રદેશ અને જયરામ રમેશને કર્ણાટકમાંથી રાજસભા માટે નોમીની કર્યા છે.આ ચુંટણી અન્યોમાં કર્ણાટકમાંથી ઓસ્કાર ફર્ન્નાંડીઝ,પંજાબમાંથી અંબિકા સોની, છત્તીસગઢમાંથી છાયા વર્મા,મધ્યપ્રદેશમાથી વિવેક તાંખા અને ઉત્તરાખંડમાંથી પ્રદીપ તામ્તાનો સમાવેશ થાય છે.રાજ્યસભામાં ચિદમ્બરમ અને કપિલ સિબ્બલના સમાવેશથી કોગ્રેસને વધુ પીઠબળ મળશે.

## રિઝર્વ બેન્કે સ્વીકાર્યુ છે કે દેશમાં કામ કરતા એટીએમ પૈકીનું ત્રીજુ કામ કરતું નથી

ભારતમાં દર ત્રીજુ એટીએમ કામ કરતું નથી એવું ભારતીય રિઝર્વ બેન્કે સ્વીકાર્યુ છે.તેનાથી સરકારની સામે દેશના ગ્રામ્ય વિસ્તારમાં રહેનારા કરોડો ગરીબ લોકો સુધી બેકિંગ સેવા પહોચાડવાના માર્ગમાં મોટો પડકાર ઉભો થયો છે. આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર એસ.એસ. મુદડાએ જણાવ્યુ હતું કે આરબીઆઈએ સમગ્ર દેશમાં એક સેમ્પલ સર્વેના આધારે ૪૦૦૦ એટીએમનું નિરિક્ષણ કર્યુ હતું. આ સરવેના પરિણામો ખુબજ નિરાશાજનક હતા. તેમણે જણાવ્યુ હતું કે આ એટીએમમાંથી આશરે એક તૃતીયાંશ એટીએમ કામ નહી કરતાં હોવાનું જાણવા મળ્યુ હતું. મુંદડાએ જણાવ્યુ હતુ કે આરબીઆઈ આ સબંધમાં બેકો વિરુધ્ધ આવશ્યક કાર્યવાહી કરશે.વડાપ્રધાન મોદીએ લાખો ભારતીયોને ફાઈનાન્સીયલ સિસ્ટમમાં સામેલ કરવાને પોતાની પ્રાથમિકતામાં સામેલ કર્યુ છે. અને તેઓ ઈચ્છે છે કે પ્રત્યેક નાગરિક પાસે એક બેક ખાતુ હોય. વિશ્વ બેન્કનું અનુમાન છે. કે ૫૩ટકા ભારતીય વયસ્ક પાસે એક ઔપચારિક બેંક ખાતુ છે.કામ કરતાં એટીએમની ફાઈનાન્સિયલ ઈન્કલુઝનમાં મહત્વપુર્ણ ભુમિકા હોય છે.ખાસ કરીને એવા દુર સુદરના વિસ્તારોમાં જ્યાં બેક પોતાની શાખા ખોલી શકતી નથી. જેટલીએ બજેટ ભાષણમાં આગામી ત્રણ વર્ષમાં સમગ્ર દેશમાં એટીએમની એક જાળ પાથરવાની વાત કહી હતી.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## મધ્યપ્રદેશમાં ૫૦૦ હિંદુ કટ્ટરવાદીઓના ટોળાએ ખ્રિસ્તીઓ પર હુમલો કર્યો અને ચર્ચમાં તોડફોડ કરી



મધ્યપ્રદેશમાં આવેલ જબત ખાતે પ્રોટેસ્ટંટ ચર્ચ ઉપર ૫૦૦ હિંદુઓના ટોળાએ હુમલો કરીને ખ્રિસ્તીઓ પર પથ્થરમારો કર્યો હતો અને ચર્ચમાં તોડફોડ કરી હતી. એશીયા ન્યુઝ સર્વીસના રીપોર્ટ પ્રમાણે ખ્રિસ્તી ચર્ચ અને ખ્રિસ્તીઓ પર હુમલો કરવા આવેલા ટોળામાંના લોકોએ કેસરી કલરના દુપટ્ટા પહેરેલા હતા અને સાથે સાથે ભાજપના ઝંડાઓ લઈને આવ્યા હતા.ચર્ચની બહાર લગાડાયેલ કેસરી ધ્વજ ફાટી જવાનું બહાનુ કાઢીને ખ્રિસ્તીઓને નિશાન બનાવાયા હતા.

ટોળાએ સહુ પ્રથમ ચર્ચ માં હાજર ખ્રિસ્તી ઉપર પથ્થરમારો કર્યો હતો.મીના ચૌહાણ, પોલીસ સુપ્રી.અલીરાજપુર ડીસ્ટ્રીક પોલીસે જણાવ્યુ હતું કે સત્તાવાળાઓએ તાત્કાલિક ફરિયાદ દાખલ કરીને ધરપકડ કરવા માટેના પગલાં લીધા હતા.

પાસ્ટર ઈમાનુએલ એરીયલે જુદી વાત કરતાં કહ્યુ હતું કે ચર્ચની બહાર લગાડાયેલ કેસરી ધ્વજ ભારે પવનને કારણે ફાટી ગયો હોઈ શકે.અને પોલીસ માત્ર આ ઘટનાને મુક પ્રેક્ષક તરીકે જોઈ રહી હતી.

આરએસએસના કાર્યકર્તાઓ( રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ,કેજે રાષ્ટ્રીય પેરામીલીટરી ગ્રુપ તરીકે ઓળખવામાં આવે છે.,બીજેપી અને બંજરંગ દળ) કે જે વિશ્વ હિંદુ પરિષદની યુવા પાંખ છે)તેના ભુતપુર્વ જીલ્લા ચીફ,દ્વારા ખ્રિસ્તીઓ પર પથ્થરમારો કરાયો હતો.જેમાં મહિલાઓ પર હુમલો કરાયો હતો અને ચર્ચના લેમ્પ પણ તોડી પાડવામાં આવ્યા હતા.

આ બધું જ પોલીસની નજર સામે બન્યું હતું.તેઓ શાંતિથી સઘળી બાબતો મુક પ્રેક્ષક બનીને જોઈ રહ્યા હતા.પરક્યુશન વોચડોગ ગ્રુપ ઈન્ટરનેશનલ ક્રિશ્ચિયન કન્સને નોધ્યુ હતું કે આ તાજેતરમાં ભારતમાં થયેલો હુમલો છે.જેમાં હિદુ કટ્ટરવાદીઓ દ્વારા હિંસક હુમલો કરાયો હોવાનો આ એક ભાગ છે.તેમનું માનવુ છે કે છેલ્લા કેટલાક સમયમાં ખ્રિસ્તીઓની વસ્તી વધી જવા પામી છે.

તાજેતરમાં ચર્ચ ઉપર થયેલા પથ્થરમારા બાબતે સાજન કે જ્યોર્જ, પ્રેસિડેન્ટ ઓફ ધ ગ્લોબલ કાઉન્સીલ ઓફ ઈન્ડીયન ક્રિશ્ચિયને જણાવ્યુ હતું કે ખ્રિસ્તીઓની સતાવણી વધી રહી છે.ધાર્મિક અસહિષ્ણુતા અને ધાર્મિક સ્વતંત્રતા ભારતમાં વણસી રહી છે અને હિંસા વધી રહી છે.મધ્ય પ્રદેશમાં છેલ્લા કેટલાક સમયથી હિદુત્વના બાબતે કટ્ટરવાદીઓ દ્વારા ખ્રિસ્તીઓનને નિશાન બનાવાયા છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઇ શકાશે.

# નવ ક્રાંતિ

તામિલનાડુના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા બાદ જયલલિતાએ કેટલાક ચુંટણી વચનો પુરા કર્યા હતા. જેમાં રહેણાંકો માટે ૧૦૦ યુનીટ સુધીની વિજળી મફત, ખેડુતોની લોનો માફ કરી હતી.નાના અને મધ્યમ વર્ગના ખેડુતો દ્વારા બેકો,સહકારી બેકો પાસેથી લેવાયેલ લોન પાક માટે લેવાયેલ લોન અને ટુંકા અને લાબા ગાળાની લોન માફ કરવામાં આવી છે.

આ ઉપરાંત તેમના રાજ્યમાં ગરીબો માટે ઢોસા,ઈડલી ,ચીકન,માછલી વિગેરે સસ્તા દરે લોકોને આપવામાં આવે છે.માત્ર ચુંટણીમાં કહેલા વચનો જ નહી પરંતુ ખરેખર સામાન્ય અને ગરીબો માટે જયલલિતાએ ઘણી બદી સહાયકારી યોજનાઓ રાજ્યના નાગરિકો માટે અમલી બનાવી છે.

ગુજરાતમાં પણ સામાન્ અને મધ્યમવર્ગીય ગરીબો વસે છે. ખેડતોને અનેક ગણું નુકશાન વાતાવરણ અને કમોસમને કારણે થાય છે પરંતુ જેથી તામિલનાડુંએ તેમના નાગરિકોની દરકાર કરી છે તેટલી અન્યોએ કરી નથી એવું લાગી રહ્યુ છે.જો કે પરિણામ એ બતાવે છે કે જયલલિતાને જે રીતે લોકોએ ટેકો આપ્યો છે તે તેમણે કરેલા કાર્યો બદલનો પુરસ્કાર છે.

દેશભરમાં અચ્છેદિનનો વાયદો કરનારા તરફથી આવી કોઈ બાબત જોવા મળી નથી. હા માત્ર જાહેરાતોથી ગરીબો અને મધ્યમવર્ગોના પેટનો ખાડો પુરાતો નથી એ સમજવાની જરુરીયાત છે.

સૌથી મોઘું શિક્ષણ ગુજરાતમાં છે અને શિક્ષણમાં વેપારીકરણ થવાને કારણે સામાન્ય અને મધ્યમવર્ગીય લોકો માટે પોતાના બાળકોને ભણાવવા એક મોટું સાહસ બની રહ્યું છે. કેટલીક શિક્ષણ સંસ્થાઓની હાટડીઓ વિના રોકટોક ચાલી રહી છે અને બોગસ ડીગ્રીઓની લ્હાણી કરનારી સંસ્થાઓને રાજકીય રીતે મદદ મળી રહી હોવાને કારણે અનેક વિદ્યાર્થીઓના સપના રોળાઈ રહ્યા છે અને પરસેવાની કમાણી કરીને પોતાના બાળકોમાં રોકાણ કરનારાઓની કમાણી ધુળમાં મળી રહી છે.

જો કે જયલલિતાએ જેમ સખાવત કરી છે તેમ આપણે સખાવત ની વાત કરતાં નથી. પરંતુ જેઓ નિતિમત્તાથી વિકાસમાં ભાગીદાર થવા માંગે છે તેમનો પરિશ્રમ એળે જાય નહી તે જોવાનું કામ સરકારનું છે અને મતદારોએ ચુંટેલા તેમના પ્રતિનિધિઓનું છે.નાણાં કમાવાની લ્હાયમાં વેચાઈ ગયેલા રાજકારણીઓ માટે જનતાએ જાગૃત થવાની વેળા આવી ગઈ છે.

દેશમાં આર્થિક વિકાસ માટે ખોટા ખર્ચાઓ પર રોક લગાવવાની જરુરીયાત છે. દેશના લોકોના ટેક્સના નાણાં વેડફાઈ જાય તેના કરતાં સારા કાર્યમોમાં તેનો વપરાશ થાય તે જોવું જરુરી છે.ખોટા સમારંભો પાછળ,ખોટી જાહેરાતો અને વ્યક્તિગત પ્રચાર પર અંકુશ મુકવો જરુરી છે.જયલલિતાએ સખાવતો લોકો સુધી પહોચાડી છે નહી કે તેના માટે તેમણે જોરશોરથી પ્રચાર કર્યો છે.


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in



**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# આસામમાં કોગ્રસે પક્ષના પરાજય માટે જવાબદાર રાહુલ ગાંધી : પક્ષના કંગાળ દેખાવ ને કારણે પાર્ટીની નેતાગીરી પર સવાલો ઉઠવા લાગ્યા છે



દેશના પાંચ રાજયોમાં તાજેતરમાં થયેલ વિધાનસભાની ચુંટણીઓમાં દેશના સૌથી મોટા પક્ષ કોગ્રેસને સફળતા મળી નથી. જો કે ભારતીય જનતા પાર્ટીએ કરેલા ભવિષ્વકથનો મુજબ કોગ્રેસનો સફાયો પણ થયો નથી. જોકે મતોની ટકાવારી જોઈએ તો કોગ્રેસને ટકાવારી પ્રમાણે વોટતો મળ્યા છે જે શાસક પક્ષની ટકાવારી કરતાં વધુ છે. પરંતુ સત્તા મેળવવામાં કોગ્રેસની બાજી પલટાઈ ગઈ છે.

આસામમાં કોગ્રેસના પરાજય માટે રાહુલ ગાંધીને હેમંત વિશ્વાએ જવાબદાર ઠેરવ્યા હતા.આસામમાં નવ મહિના પહેલા કોગ્રેસ છોડીને ભાજપમાં દાખલ થયેલા આ નેતા રાજ્યમાંથી ૧૫ વર્ષ જુની કોગ્રેસની સરકારને ઉખેડી મુકવા માટેના કસબી મનાય છે.

ભાજપની સફળતા પાછળ સર્બાનંદ સોનોવાલ, સ્ટેટેજિસ્ટ રજત સેઠી અને હેમંત વિશ્વા શર્મા ની ભુમિકા મહત્વની રહી છે.આ વખતે આસામના પરંપરાગત મતદારો અને ચાના બગીચામાં કામ કરતાં કામદારો સુધી પહોચવામાં હેમંત વિશ્વાનો સિંહફાળો રહ્યો હતો.૨૦૧૧માં કોગ્રેસની જીતના મુખ્ય સુત્રધાર મનાતા વિશ્વાને મહત્વ ન આપવા માટે કોગ્રેસને નુકશાન સહેવું પડ્યું છે.વિશ્વાએ જણાવ્યુ હતું કે હકીકત એ છે કે મને ઘણીવાર રાહુલ ગાંધીને મળવાની પરવાનગી નહોતી અપાઈ. મે ૮-૯ વાર પ્રયત્ન કર્યો પરંતુ મારી રજુઆત તેમણે સાંભળી નહોતી.રાહુલ ગાંધી તેમની આસપાસના લોકોની વાત સાંભળવાને બદલે તેમનો સમય તેમના કુતરા સાથે રમવામાં વધુ ગાળે છે.વિશ્વા કહે છે કે હુ અમિત શાહને મળ્યો ત્યારે રાહુલે મને ગંભીર સંદેશો મોકલ્યો હતો.રાહુલ ઘણા અભિમાની છે.જો રાહુલ નહી બદલાય તો કોગ્રેસ બદલાઈ જશે.

હેમંત વિશ્વાએ કહ્યુ હતું કે જ્યારે જુંલાઈ ૨૦૧૫માં હું રાહુલ ગાંધીને મળ્યો હતો ત્યારે મે તેમને ચેતવણી આપી હતી કે આસામમાં કોગ્રેસ ૨૫ બેઠકો પણ જીતી શકશે નહીં.કોગ્રેસ ઘણી ખરાબ રીતે હારી રહી છે.આસામમાં પરાજયનું મોટું કારણ પરિવારવાદની રાજનીતિ છે. આસામમાં ગોગોઈએ તેમના દીકરાને પ્રમોટ ક્રયો અને પરિણામ સામે જ છે.

કોગ્રેસના કંગાળ દેખાવને કારણે પાર્ટીની નેતાગીરી પર સવાલો ઉઠવા લાગ્યા છે.શશી થરુર, જ્યોતિરાદિત્ય સિંધિયા,તેમજ દિગ્વિજયસિંહે જણાવ્યુ હતું કે કોગ્રેસ પાર્ટીને મોટી સર્જરીની જરુર છે.પરિણામ હતાશાજનક છે.પરંતુ ચોકાવનારા નથી.અમે ઘણી સમીક્ષા કરી છે.પરંતુ હવે મોટી સર્જરીની જરુરીયા છે. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે પાર્ટી પરાજય પર આત્મમંથન કરશે.


IN THE FOOTESTED OF JESUS

**HOLYLAND TOUR**

Exploring the journey of the
HOLY LAND
WELCOME TO
ISRAEL,JORDAN,EGYPT & DUBAI

**પ્રભુ કૃપાથી ઇઝરાયેલ ટુર -૨૦૧૬ નું આયોજન કરેલ છે.**
**દેશ-પરદેશના ઇચ્છુક ભાઇ-બહેનોને આ ટુરમાં જોડાવવા માટે જાહેર આમંત્રણ છે. આ ટુરમાં આપ જોઇ શકશો**

**ઇઝરાયેલ, ઇજીપ્ત, જોર્ડન, દુબાઇ બતાવીશું.**

Tour Date 18 May ‘16,Sept.16 November,2016

**પેકેજ પ્રાઇસમાં સામેલ છે. એરટિકિટ, નાસ્તો, લંચ,ડીનર, એન્ટરન્સ ફીએરપોર્ટ ટેક્સ, વીઝાફી, ખાસ ટીપ((Tips),એરફેર, હોટેલ્સ, ગાઇડ ફી,વાહનભાડાં સામેલ છે. અન્ય કોઇ છુપો ખર્ચ નહિ. ગુજરાતીમાં અનુવાદ સાથે સમજ આપવામાં આવશે. ટુરમાં જોડાવા માટે રૂ ૧૫૦૦૦/-ડિપોઝીટ પેટે મોકલવાના રહેશે.**

**પ્રાર્થન પોલ ગોહિલ,**
C/40,નતાશા પાર્ક રેસીડેન્સી- , નિઝામપુરા, વડોદરા. ૩૨૦૦૨૪ મોબાઇલ નં. ૯૮૭૯૪૪૩૩૭૪,૯૪૨૮૬૯૧૦૮૦
E.mail ID : prarthgohil@gmail.com
* * * * * * * * * * * *



**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

# આપણી સરકાર .....

## મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના
## નેતૃત્વ હેઠળ સર્વાંગી વિકાસના બે વર્ષ

**પ્રજાલક્ષી અને પારદર્શક વહીવટની પ્રતીતી : ૨૪૭ તાલુકાઓમાં લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં ઘરઆંગણે પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ**
**મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના : રાજ્યના તમામ જ્ઞાતિ વર્ગના લાખો યુવાનોના શિક્ષણ,કૌશલ્ય અને રોજગાર માટેની ઐતિહાસિક યોજના :**
**વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ રૂા.૧૦૦૦કરોડનો લાભ**
**૧૦ટકા આર્થિક અનામતોનો અભુતપુર્વ નિર્ણય : બિનઅનામત વર્ગના આર્થિક રીતે પછાત લોકો માટે ૧૦ ટકા અનામત**
**ખેડુત વર્ગ માટે હિતકારી પગલાં : ખરીફ પાક માટે ફક્ત ૧ ટકાના દરે રૂા.3 લાખ સુધીનું કૃષિ ધિરાણ :3૮ લાખ ઉપરાંત ખેડુતોને લાભ**
**યોજનાકીય લાભ હાથોહાથ : ગરીબ કલ્યાણ મેળાના છેલ્લા બે ચરણમાં ૨3.૪૫ લાખ લાભાર્થીઓને રૂા.3૦૫૯ કરોડની સહાય**
**માતા-બહેનોના આરોગ્યની ચિંતા : ૮૨.૮૧ લાખ ઉપરાંત મહિલાઓના ગર્ભાશય મુખ અને સ્તન કેન્સર તથા ૪૭.૮૯ લાખ ઉપરાંત નાગરિકોના ડાયાબીટીસનું સ્કીનીંગ**
**મા વાત્સલ્ય યોજના : વાર્ષિક રૂા. ૧.૨૦ લાખ સુધીની આવક ધરાવતા કુટુંબોને લાભ : ૧,૧૫,૫૫૮ દર્દીઓને રૂા.૧૭૭.૨૨ કરોડની સહાય**
**સુરક્ષા સેતુ યોજના : ૫ લાખથી વધુ મહિલાઓને સ્વરક્ષાની તાલીમ**
**દેશની પ્રથમ રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડ : રાજ્યના ૧૧,૫3૧ ગામો અને ૧૯૬ શહેરોની 3.૯૫ કરોડ વસ્તીને પીવાના પાણીની સુવિધા**
**મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના- ગામડાઓમાં વિકાસનો રાજમાર્ગ : ગુજરાતના ૧૮૦૦૦ ગામો તથા ૧૬,3૪૫ પરાંને બારે માસ બહેતર રોડ**
**કનેક્ટીવીટી માટે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાનું અમલીકરણ**
**સ્વચ્છતા અભિયાન-ગુજરાત દેશમાં મોખરે : છેલ્લા બે વર્ષમાં ગ્રામીણ વિસ્તારોમાં ૧૨,૫૮,૪૮૬ શૌચાલયોનું નિર્માણ : શહેરી વિસ્તારોમાં ૪.૯૭ લાખ શૌચાલયોના નિર્માણ સાથે ગુજરાત દેશભરમાં શહેરી વિસ્તારોમાં પ્રથમ**
**મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતી શહેરી વિકાસ યોજના : રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં રૂા.૧૧૧૬૪ કરોડના ખર્ચે કુલ ૨૪3૨૫ આંતરમાળખાકિય વિકાસના કામોનું નિર્માણ : શહેરી વિકાસને મળ્યો વેગ.... અને ઘણુ બધું.**

## ગતિશીલ ગુજરાત..
## પ્રગતિશીલ ગુજરાત

# સૌનો સાથ...... સૌનો વિકાસ



શ્રી નરેન્દ્રભાઈ મોદી,
માનનીય વડાપ્રધાન



શ્રીમતી આનંદીબેન પટેલ
મુખ્યમંત્રી,ગુજરાત રાજ્ય

# આંધ્રપ્રદેશના કુરુપ્પા ખાતેના ભારતીય બિશપ પ્રસાદ ગાલીલાનું અજાણ્યા લોકો દ્વારા અપહરણ અને છુટકારો

કેટલાક અજાણ્યા અપહરણકારો દ્વારા કુરુપ્પા,આંધ્રપ્રદેશ ડાયોસીસના બિશપ પ્રસાદ ગાલીલાનું અપહરણ કર્યુ હતું.કેથોલીક ન્યુઝના આઉટલેટ યુકેનન્યુઝ.કોમ દ્વારા એક મુલાકાતમાં વિગતો જાણવા મળી હતી તે મુજબ તેઓ ૫૪ વર્ષના છે.જ્યારે તેઓ એપ્રિલ ૨૫ના રોજ કરુનાગીરી શ્રાઇનથી પોતાના ઘેર પરત જઇ રહ્યા હતા ત્યારે બે વાહનોમાં આવેલા કેટલાક અજાણ્યા લોકોએ તેમનું અપહરણ કરીને તેમને અજાણી જગ્યા પર બંધક બનાવી લઇ ગયા હતા.

તેઓની આંખો પર પટ્ટી બાંધી દેવાઇ હતી અને તેમના હાથ બાંધીને તેમને માર મારવામાં આવ્યો હતો.તેઓએ મને મુક્કા માર્યા તેના કારણે મારા શરીર પર ઇજાઓ થઇ હતી.હું તેમનો પ્રતિકાર કરી શક્યો નહોતો તેવું ગાલીલાએ કહ્યુ હતું.પોલીસ આ ઘટના પાછળ જવાબદાર લોકોની ભાળ મેળવવા માટે તપાસ કરી રહી છે.

તેમણે કહ્યુ હતું કે અપહરણકારો મારી ડાયોસીસની નાણાકીય લેવડદેવડ અને નાણાંકીય સ્થિતિ બાબતે મારી પાસે જાણકારી માંગી રહ્યા હતા અને તે બાબતે તેઓ મને સતત પ્રશ્નો પુછી રહ્યા હતા.વધુમાં તેમણે કહ્યુ હતું કે ત્યાર બાદ તેઓએ મારી પાસે ૭૫,૦૦૦ડોલરની બરાબરીના રુપીયાની માંગણી મારી પાસે કરી હતી.અપહરણકારોએ કહ્યુ હતું કે જેમ તમે અન્ય લોકોની મદદ કરો છો તેમ અમારી પણ મદદ કરો.

જ્યારે મે જાણવા માંગ્યુ કે તમે કોણ છો ?તેમણે કહ્યુ હતું કે તેઓ પોલીસ વિભાગના છે.તેમણે કહયુ કે પોલીસ આવું કામ કરતી નથી.તેઓને તો સરકાર દરમાયો આપે છે તેથી તેઓ અન્યો સાથે આવો વ્યવહાર કરતા નથી.અપહરણકારો દ્વારા બીજા દિવસની સવારે તેમને છોડી મુકવામાં આવ્યા ત્યારે તેઓ ૫૫ માઇલ દુર તેમની ડાયોસીસની જગ્યાથી દુર હતા.

કુરપ્પા ડાયોસીસમાં ૧ લાખ કેથોલીકોની સંખ્યા છે.જેનુ ધ્યાન આર્ચડાયોસીસ હૈદ્રાબાદ રાખે છે.હૈદ્રાબાદ આર્ચબિશપ થુમ્મા બાલાએ એક સ્ટેટમેટ રીલીઝ કયુ હતું.જેમાં યુસીએ ન્યુઝને જણાવાયુ હતુ કે તેઓ આ પ્રકારના અપહરણના મુદ્દે ચિંતિત છે.પ્રેસ્ટીજીયસ રીલીજીયસ માઇનોરીટીના લીડરનું આ રીતે કોઇ અપહરણ કરી જાય તે કાયદો અને વ્યવસ્થા માટે ચિંતાજનક ઘટના છે.આ પ્રકારની ઘટના બની તે માની શકાય તેવી નથી પરંતુ આ પ્રકારે થતી ઘટનાને કારણે જરુરીયાતમંદ લોકો સુધી પહોચનારાઓ માટે અને સેવાભાવી લોકો માટે ખરેખર ચિંતા ઉપજાવે તેવી છે.આવી ઘટના ના બનવી જોઇએ એમ માનીએ છીએ પરંતુ તે બની છે.ભારતના અનેક ભાગોમાં ખ્રિસ્તીઓ હુમલાના શિકાર બને છે અને હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા સતાવણીના અનેક કિસ્સાઓ બની રહ્યા છે.

મેના મધ્યમાં એક ખ્રિસ્તી પાસ્ટર અને તેની પત્નીને છત્તીસગઢ રાજ્યમાં સતાવણીનો ભોગ બનવુ પડયું છે.તેઓને સખ્ત માર મારવામાં આવ્યો હતો.કારણકે તેઓએ હિદુત્વની કબુલાત કરી નહોતી. તેમની આસ્થાને તેઓ વળગી રહ્યા તેના કારણે તેમને સતાવણી ભોગવવી પડી હતી.

આજ પ્રમાણે માર્ચ માસમાં ૬૦ પેન્ટીકોસ્ટલ ખ્રિસ્તીઓની છત્તીસગઢમાં સતાવણી કરવામાં આવી હતી. તેઓને સખ્ત માર મારવામાં હિદુ કટ્ટરવાદીઓ સામેલ હતા.ગત સાલ કેરલા સ્ટેટમાં ભારતીય પાસ્ટરને પ્રાર્થના સભા યોજવામાં આવશે તો જીવતા સળગાવી દેવાની ધમકી હિદુ કટ્ટરવાદીઓ દ્વારા ધમકી આપવામાં આવી હતી.

# શિવસેનાએ ઉત્તરપ્રદેશમાં રામમંદિરના મુદ્દે પીછેહઠ કરનાર ભાજપની ટીકા કરી

શિવસેનાએ તેના સાથી પક્ષ ભારતીય જનતા પાર્ટીની ટીકા કરતાં કહ્યુ હતું કે ભારતીય જનતા પાર્ટી માત્ર બે બેઠકો ધરાવતો હતો તેનાથી ૧૮૧ બેઠકો પર પહોચી શક્યો તેનું કારણ રામમંદિરનો મુદ્દો હતો.જ્યારે હવે ઉત્તર પ્રદેશની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ચુંટણી ઢંઢેરામાંથી રામમંદિરનો મુદ્દો બાજુ પર મુકી દીધો છે. અને વિકાસનો મુદ્દો હાથ પર લીધો છે. જે ખરેખર ભાજપની પીછેહઠ સમાન છે અને તેનાથી લોકમાનસ પર અસર થઇ શકે છે. કારણકે જે પાર્ટી માત્ર રામમંદિરના આધારે દેશમાં સત્તા પ્રાપ્ત કરી શકી તે મુદ્દાને જ તેઓ પાછો ધકેલી દે તો તેનાથી લોકો પરશું અસર પડી શકે છે તેનો અંદાજ તેના નેતાઓને લાગતો નથી.શિવસેના આ બાબતે ભાજપ તેનો સાથી પક્ષ હોવા છતાં આકરા પ્રહારો કર્યા હતા

# પાંચ વિધાનસભાની ચુંટણીઓના પરિણામોમાં બંગાળમાં મમતાજી અને તામિલનાડુમાં જયાજીનો ભવ્ય વિજય

પાંચ રાજ્યોની વિધાનસભાની ચુંટણીના પરિણામોમાં તારણો મુજબના હાલ રહ્યા.આસામમાં ૧૫ વર્ષ જુનો કોગ્રેસનો ગઢ તુટ્યો અને તે તેમના જ ભારથી.પરિણામ એ આવ્યું કે ઉત્તર પુર્વમાં ભારતીય જનતા પાર્ટીએ વિજય મેળવ્યો. પશ્ચિમ બંગાળમાં ભાજપે મમતા બેનરજીને સાફ કરવાનું જે અભિયાન આદર્યુ હતું તેનું સુરસુરીયુ થઇ ગયુ. મમતા બેનરજી ૨૧૧ સીટની બહુમતીથી પોતાની વિજયકુચ આગળ ધપાવી. અહીયા ભાજપને માત્ર ત્રણ સીટો મળી છે. જ્યારે તામિલનાડુંમાં જયા અમ્માએ ૧૩૪ સીટોથી વિજય મેળવો છે. અહીયા ભાજપને એકપણ સીટ મળી નથી.તામિલનાડુમાં જય લલિતા ફરી એક વાર સુપરસ્ટાર બન્યા છે. તેમના વિરોધીઓને તેમણે જબરજસ્ત શિકસ્ત આપી છે.પશ્ચિમ બંગાળમાં વાઘણ તરીકે પ્રખ્યાતી પામેલ મમતા બેનરજીએ એકલે હાથે તેમના હરિફોને ધુળ ચાટતા કરી દીધા છે.જો કે ભાજપની ધારણા મુજબના પરિણામો આવ્યા નથી.ભારતીય જનતા પાર્ટીએ પશ્ચિમ બંગાળ સર કરવા માટે ભારે પ્રયત્નો આદર્યા હતા. વડાપ્રધાને અનેક ચુંટણી રેલીઓ યોજી હતી અને ભાજપા પ્રમુખ અમિત શાહે પોતાના કરિશ્મા કામે લગાડ્યા હતા પરંતુ તેમની કાર્યશૈલીથી બંગાળના લોકો પ્રભાવિત થઇ શક્યા નહોતા.ફરીથી એક વાર મમતાજી ની સાદગીએ સાબિત કરી દીધું કે માત્ર તેઓજ ડાબેરીઓનો ગઢ તોડી પાડવામાં સમર્થ હતા તે વાત હજુ પણ સાચી છે ,જયાજીએ પણ પોતાની તાકાતથી સાબિત કરી દીધું છે.

જો કે કેન્દ્ર સરકાર તરફથી હાલમાં આવેલા સમાચારો મુજબ તામિલનાડુમાં જીતેલી પાર્ટીએ ચુંટણીમાં આપેલા વચનોનાં નાણાં કેવી રીતે મેળવવાના હતા અને આટલા બધા નાણાંની જોગવાઇઓ કેવી રીતે કરવાના હતા તેનો જવાબ આપવાનો છે.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃએ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૯૬૯૫. ૯૭૧૪૫૧૯૩૬૭



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386



**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર ક્લાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.